ગાંધીનગર સમાચાર

**શહેરમાં આકરો બન્યો ચૈત્રી તડકો**

# મનપાની ૬ઠ્ઠી મેના રોજ પ્રથમ સામાન્ય સભા

## પ્રથમ સભામાં નવા મેયર અને ડે. મેયરની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે : વિદાય લેતા મેયર હંસાબેન મોદીના અધ્યક્ષસ્થાને પ્રથમ સભા ૧૧ વાગે મનપાના સભાખંડમાં મળશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમ સામાન્ય સભા આગામી ૬ મે ના રોજ સવારે ૧૧ વાગે કોર્પોરેશનના સભાખંડમાં મળશે.

મહાનગરપાલિકાના વર્તમાન મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષસ્થાને આ બેઠક યોજાશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ૨૪મીએ યોજાયેલ ચૂંટણીની ગઈકાલે મતગણતરી સંપન્ન થયા બાદ રાજ્ય ચૂંટણીપંચે આ પરિણામની વિગતો સાથેનું ગેઝેટ (જાહેરનામુ) પ્રસિદ્ધ કરતાં મનપાનું તંત્ર હરકતમાં આવ્યુ હતુ.

આજે આ નવરચિત બોડીની પ્રથમ બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટાયેલા સભ્યોને આની જાણ કરી દેવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

પ્રથમ સામાન્ય સભામાં શહેરના પ્રથમ નાગરિક(મેયર) તેમજ ડે. મેયરની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રથમ અઢી વર્ષ સામાન્ય વર્ગ માટે મેયરનુ પદ નિયત કરવામાં આવ્યું છે.

પ્રથમ સામાન્ય સભામાં ચૂંટણીની પ્રક્રિયાને લઈ શહેરી વિકાસ વિભાગ પણ હરકતમાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. કાયદા નિષ્ણાતો સાથે પરામર્શ ચાલી રહ્યો છે અને ટાઈની સ્થિતિમાં શું કરવું તેની જોગવાઈ વટહુકમથી કરવાના વિકલ્પ પર ચર્ચા વિચારણા થઈ રહી હોવાનું જાણવા મળેલ છે. જી.પી.એમ.સી. એક્ટમાં આ અંગેની જોગવાઈઓ નહિ હોવાથી શહેરી વિકાસ વિભાગે આ દિશામાં વિચારણા હાથ ધરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં પ્રજાએ અપૂર્ણ જનાદેશ આપી બન્ને પક્ષોની વિધાનસભાની ચૂંટણી પૂર્વે અગ્નિ પરીક્ષા હાથ ધરી છે.

ગાંધીનગર મનપાની પ્રથમ બેઠક પર સૌ રાજકીય વર્તુળોની નજર મંડાયેલી છે.

બીજી તરફ ભાજપ-કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને ચૂંટાયેલા સભ્યોની બેઠકોનો સિલસિલો પણ શરૂ થઈ ગયો છે. આજે કોંગ્રેસના નિરીક્ષકોની હાજરીમાં ચૂંટાયેલા સભ્યોની બેઠક સ્થાનિક નેતાઓની ઉપસ્થિતિમાં મળી હતી જેમાં એક ટીમ બની પ્રજાના જનાદેશને સ્વીકારી પ્રજાહિતમાં કાર્ય કરવાની શીખ આપવા ઉપરાંત બધાને એકબીજા સાથે સંકલનમાં રહેવા અને સંદેશા વ્યવહારથી સતત સંપર્કમાં રહેવાની વાતો કરાઈ હતી.

ભાજપ દ્વારા પણ સભ્યોને આવી જ સલાહ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં 'ગ' અને 'ગ-૧' કક્ષાના સરકારી આવાસોના મજબુતીકરણ માટે દરખાસ્ત કરાશે

### નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ ઘણાંખરા આવાસોની છત સલામત નથી

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સરકારી આવાસોની હાલત ભયજનક હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં છાશવારે છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. ત્યારે આવાસોના મજબુતીકરણનુ કામ ઝડપી થાય તે જરૂરી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના ગ કક્ષાના સરકારી આવાસોના મજબુતીકરણ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસોના મામલે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં અત્યંત ભયજનક હાલતમાં હોવાથી વિભાગ દ્વારા આ આવાસોને નિકાલ હેઠળની કક્ષામાં મુકવામાં આવ્યા હતા. જયારે નિકાલ હેઠળના મકાનો જાહેર કરાયા બાદ આ મકાનોનો નિકાલ કરવા માટે નીતીવિષયક નિર્ણય લેવામાં પણ લાંબો સમય નિકળી જતા બિનઉપયોગી આવાસો લાંબા સમયથી ભયજનક હાલતમાં યથાવત રહયા હતા.

● અનુસંધાન પાન-૭ પર



કોંગ્રેસની પ્રથમ બેઠક - ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિજેતા બનેલા કોંગ્રેસના ઉમેદવારોની એક બેઠક આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલમાં પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં મળી હતી. જેમાં એક ટીમ તરીકે પ્રજાના પ્રશ્નોની રજૂઆત કરવા તેમજ સૌને સાથે હળી મળી રહેવાની સૂચનાઓ અપાઈ હતી.

# શહેરમાં આકરો બન્યો ચૈત્રી તડકો

## મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યું : આકરે ઉનાળે વસાહતીઓ હેરાન પરેશાન

ગાંધીનગર, તા.૨૭

ઉનાળો પૂર્ણરૂપે જામ્યો છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી જતા ગાંધીનગરના વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. આખો દિવસ ગરમ લૂ ફુંકાતા ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

એપ્રિલ માસના અંતિમ દિવસોમાં ઉનાળો આકરો બની રહ્યો છે. વહેલી સવારથી જ તડકો આકરો બનતો જાય છે. દસ અગિયાર વાગ્યાની આસપાસ તો તડકો એટલો બધો આકરો બની જાય છે કે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. દ્વિચક્રી વાહન પર બહાર નીકળવું હોય તો મોઢે રૂમાલ બાંધવો ફરજીયાત થઈ જાય છે. આકરા તડકાના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આખો દિવસ ગરમ લૂ ફુંકાતા શહેરના માર્ગો સુમસામ લાગે છે. ગરમી ખુબ હોવાથી બજારોમાં પણ ભીડ એકદમ ઓછી જણાય છે. સાંજ પછી જ શાકમાર્કેટમાં અને બજારોમાં ભીડ જોવા મળે છે. આખો દિવસ ગરમીથી હેરાન થયેલા વસાહતીઓ રાત્રીના સમયે બાગ બગીચાઓમાં અને શહેરના સર્કલો પર ઉમટી પડે છે. ઘ-૪ના બગીચામાં વસાહીતઓ ડેરા તંબુ તાણી મોડી રાત સુધી બેસી રહે છે. ઉનાળો આકરો બનતા ઠંડા પીણા, છાશ, બરફનું વેચાણ વધી ગયું છે. એપ્રિલ માસમાં જ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી જતા મે માસમાં વધુ આકરી ગરમી પડવાની પુરેપુરી સંભાવનાઓ છે.

# ગાંધીનગરમાં ૧લી મે એ રન ફોર ગુજરાત

ગાંધીનગર, તા. ૨૭

૧લી મે ના રોજ રાજ્યના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરમાં રન ફોર ગુજરાતના કાર્યક્રમનું આયોજન જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

આજે આ અંગે અધિક નિવાસી કલેક્ટર શ્રી વિજય કાલરિયાની અધ્યક્ષતામાં આયોજનને લઈ તંત્રના અધિકારીઓની બેઠક મળી હતી જેમાં દોડ માટેનો રૂટ પસંદ કરવા ઉપરાંત દોડવીરોને આપવાની થતી સુવિધા અને પ્રોત્સાહન ઈનામો સહિતની બાબતો પર ચર્ચાઓ કરવામાં આવી હતી.

જિલ્લા તંત્ર દ્વારા ૧લી મે ના રોજ જિલ્લામાં આરોગ્ય મેળાઓનું આયોજન પણ કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ઉપરાંત અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવનાર હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં યોજાનાર રનફોર ગુજરાતમાં પાંચ હજારથી પણ વધુ દોડવીરો જોડાશે તેનુ રજીસ્ટ્રેશન કરવાની કામગીરી પણ એકાદ-બે દિવસમાં શરૂ કરાશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

વહેલી સવારે જ આ કાર્યક્રમ યોજવામાં આવશે તેમજ સવારે નવ પહેલાં તે સંપન્ન કરી દેવામાં આવશે.

# ઉવારસદમાંથી કોલેરા પોઝીટીવનો દર્દી મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામના ઈંટોના ભઠ્ઠા વિસ્તારમાંથી એક કોલેરા પોઝીટીવનો દર્દી મળી આવતા જિલ્લા આરોગ્ય તંત્ર હચમચી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ઉવારસદ ગામમાંથી ગત સપ્તાહે ઝાડા-ઉલ્ટીના સાત કેસ મળ્યા બાદ તંત્રએ સમગ્ર પંથકમાં સઘન સર્વેલન્સ હાથ ધર્યું હતું. ગઈકાલે ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા ચાર જેટલી વ્યક્તીઓને ઝાડા-ઉલ્ટીની ફરિયાદ કરતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચારેય દર્દીઓને કોલેરા હોવાની શંકાના આધારે ઝાડા-ઉલ્ટીના નમૂના લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા.

પરીક્ષણ દરમ્યાન એક દર્દીને કોલેરા પોઝીટીવ જણાયો હતો જ્યારે ત્રણના રિપોર્ટ નેગેટીવ જાહેર કરાયા હતા. મળતી વિગતો પ્રમાણે ત્રણ દર્દીને આજે સારૂ થતાં સાંજે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, જ્યારે એક દર્દી હજુ સારવાર હેઠળ છે.

ગરમીના વધતા જતા પ્રકોપ અને પાણીને લઈ આ દર્દીને કોલેરા થયો હોવાનું મનાઈ રહ્યું છે. આ સિઝનનો પ્રથમ દર્દી મળ્યો હોવાથી તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે.



મીઠો છાંયડો - ઉનાળો આકરો બનતો જાય છે... ધોમધખતા તડકામાં છાંયડો મીઠો લાગે છે... અબોલ પશુઓ માટે તો તડકાથી બચવાનો એકમાત્ર સહારો એટલે વૃક્ષોનો છાંયડો... એ.સી. ગણો કે એરકુલર ગણો, એ વૃક્ષનો છાંયડો છે... અને વૃક્ષ માનવજાતને સંદેશો આપે છે કે, સ્વંય તાપ વેઠીને અન્ય માટે છાયો બનવામાં જ જીવનની યથાર્થતા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં બંધ ફુવારાની સમસ્યા ફાઈલમાં અકબંધ

## અગાઉ રાજયના તત્કાલીન મુખ્ય સચિવે સમસ્યા નિવારવા સુચના આપી હતી : વર્ષોના અંતે પણ સમસ્યાનો અંત આવ્યો નથી

ગાંધીનગર તા ૨૭

સે-૨૧માં ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં વર્ષોથી બંધ ફવારાની સમસ્યા હજુ પણ યથાવત છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં વાહન પાર્ક કરવાની જગ્યાના અભાવ વચ્ચે આ સમસ્યા જટીલ બની છે. બંધ ફવારાની સમસ્યાનો લાંબા સમયથી નિકાલ આવતો નથી. ત્યારે પાર્કીંગ તેમજ ગંદકી સહીતની સમસ્યા જટીલ બનતી જાય છે. અગાઉ ચીફ સેક્રેટરી સહીતના ઉચ્ચ અધિકારીઓએ શોપિગને સ્વચ્છ અને રળિયામણુ બનાવવા માટે મુલાકાત લીધી હતી. પરંતુ અધિકારીઓની સુચનાના અંતે પણ શોપિંગમાં જૈસે થે ની સ્થિતિ યથાવત છે. જેના પરિણામે વેપારીઓ અને મુલાકાતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે.

શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં દુવિધાઓની ભરમાર છે. શોપિંગ સેન્ટરમાં પાર્કીંગ ,ગંદકી અને દબાણનો પ્રશ્ન મુખ્ય છે. ત્યારે શોપિંગ વિસ્તારમાં વર્ષો અગાઉ લાખોના ખર્ચે ફવારાનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ છેલ્લા એક દાયકાથી બંધ ફુવારાની સાધન સામગ્રી ચારાઈ ગઈ છે. ફુવારાનો વિસ્તાર અત્યંત કંગાળ ભાસી રહયો છે. જેના લીધે આ ઠેકાણે કચરાના ઢગ ખડકાવાની સાથે અસહ્ય ગંદકી પ્રવર્તી છે. અગાઉ રાજયના તત્કાલીન મુખ્ય સચિવ ડી જે પાંડીયને શોપિંગ વિસ્તારની મુલાકાત લઈ વિભાગના અધિકારીઓને આ દુવિધા નિવારવા માટે જરૂરી સુચના આપી હતી. જયારે વેપારી એસોસિએશનને પણ આ મામલે વિભાગને વખતોવખત રજુઆત કરી છે. આમછતા ફુવારા દુર કરી પાર્કીંગ બનાવવા અગર આ વિસ્તારને દુવિધામુકત કરવા માટે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા પણ આ મામલે લાંબા સમયથી વિભાગને તાંત્રિક મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ કોઈ ગતિવિધિઓ હાથ ન ધરાતા સમસ્યા યથાવત છે. એકબાજુ સે-૨૧ના ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં દિનપ્રતિદિન મુલાકાતીઓની સંખ્યા વધતી જાય છે. ત્યારે પાર્કીંગ તેમજ દબાણની સમસ્યા પણ કાયમી ધોરણે નિવારી શકાઈ નથી.ત્યારે બંધ ફુવારાની જટીલ સમસ્યા હલ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

ૐ
ગાંધીનગર સાંસ્કૃતિક સંઘ આયોજીત
"યોગ વર્ગ"
દિનાંક : ૩૦-૪-૧૬ (શનિવાર) થી ૩-૫-૧૬ (મંગળવાર)
સમય : સવારે ૦૭:૦૦ થી ૦૯:૦૦
સ્થાન : શ્રી બલરામ પરિસર, ભારતીય કિસાન સંઘ, સેક્ટર-૧૨, ગાંધીનગર
શિક્ષક : શ્રી મિનેષભાઈ વાળંદ
૧૯૯૮થી યોગશિક્ષક - ભારત, મલેશીયા અને ૨૦૦૬થી તાઈવાન-તાઈ ચુંગમાં યોગશિક્ષક તરિકે સેવા આપી રહ્યા છે
સંપર્ક : શ્રી પરેશભાઈ ગોહેલ, મો.૮૪૬૦૦ ૧૪૭૬૦
માર્ગદર્શન : શ્રી ગિરીશભાઈ શર્મા - અગ્રણી સામાજીક કાર્યકર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Sleek THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com